# બા, બહુ ઔર બેટી વોટ કરેગી એક સાથ...! મેરી બહુ ભી વોટ કરેગી..!

ગાંધીનગર, તા. ૨૧

આગામી ૨૪મી એ મતદાર યાદી સુધારણા ઝુંબેશ દરમિયાન બા, બહુ ઔર બેટીના નામાંકન પર તંત્ર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરશે.

મહિલા મતદારોની નોંધણી પર ખાસ ભાર મુકતાં ચૂંટણી પંચે કેટલાક ખાસ સૂત્રો પણ બનાવી અને જિલ્લાઓને મોકલાવ્યા છે જે અંગેના બેનરો પણ શહેરના જાહેર સ્થળો પર લગાવવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૦ હજાર જેટલા નવા નામની અરજીઓ આવી છે જેમાં ૪ હજાર જેટલી મહિલાઓનો સમાવેશ થતો હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર જિલ્લામાં મતદાર યાદી સુધારણા ઝુંબેશ માટે આ વખતે વિશેષ આયોજન પણ કરવામાં આવી રહ્યું છે.

**મતદાર યાદી સુધારણા ઝુંબેશના અંતિમ તબક્કામાં આકર્ષક સ્લોગનો સાથે ખાસ ઝુંબેશનું આયોજન**

ગાંધીનગર જિલ્લામાં વસ્તીના પ્રમાણમાં નોંધાયેલ મતદારોનું પ્રમાણ રાજયની સરેરાશ કરતાં પણ વધુ છે. અહિં મહિલાઓનું પણ સારું એવું દેખાયું છે. જો કે યુવા મતદારોની નોંધણીમાં ૩ ટકા જેટલી ઘટ છે પણ આ ટકાવારીમાં સારો એવો ઘટાડો થશે તેવો વિશ્વાસ તંત્રના અધિકારીઓ વ્યકત કરી રહ્યા છે.

જિલ્લામાં યુવા મતદારોની નોંધણી વધુ થાય તે માટે કોલેજોમાં પણ ફોર્મ નં. ૬નું વિતરણ કરવામાં આવ્યું છે તો મહિલાઓના નામ વધુ નોંધાય તે માટે સખી મંડળોનો પણ સહયોગ લેવામાં આવ્યો છે.

તંત્ર દ્વારા મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત સ્લોગન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

# અમદાવાદમાં રથયાત્રાને પ્રસ્થાન કરાવતા મુખ્યમંત્રી



અમદાવાદ, તા. ૨૧

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભગવાન જગન્નાથની ૧૩૫મી રથયાત્રાને આજે સવારે ભકિતભાવ ભર્યા વાતાવરણમાં અમદાવાદના જગન્નાથ મંદિરેથી પ્રસ્થાન કરાવ્યું હતું. સતત અગિયારમી વખત ભગવાન જગદીશની રથયાત્રાને પ્રસ્થાન કરાવવા અને પહિંદ વિધિ સંપન્ન કરવાનો સૌભાગ્ય વિક્રમ શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફાળે જાય છે.

પ્રતિ વર્ષે અષાઢી બીજે યોજાતી આ પરંપરાગત રથયાત્રાના ભગવાન જગન્નાથજીના મુખ્ય રથમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોનાના ચામરથી ભગવાનની સેવા કરી હતી અને નિજ મંદિરેથી યાત્રાના માર્ગે જવા પહિન્દ વિધિ સંપન્ન કરી અને રથને સ્વયંમ દોરીને નિજ મંદિરથી નગરયાત્રા માટે પ્રસ્થાન કરાવ્યું હતું.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભગવાન જગન્નાથને ગરીબો અને દરિદ્ર નારાયણોના ભગવાન તરીકે ગણાવી તેમના આશિષ ગરીબો અને કિસાનોનું ભલું કરે તેવી અભિલાષા વ્યકત કરી હતી.

અમદાવાદની પરંપરાગત જગન્નાથ યાત્રા દેશ-દુનિયાના આકર્ષણ સમી બની રહી છે અને દેશભરના સંતો-મહંતો વિશાળ સંખ્યામાં આ યાત્રામાં જોડાઇ ભકિતમય બને છે તેનો આનંદ તેમણે વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રીએ જનસહયોગથી શાંતિ એકતા અને સદ્‌ભાવનાની સદ્‌શકિત દ્વારા ગુજરાતના વિકાસની નવી ચાઈઓ પાર કરવા ભગવાન જગન્નાથજીના કૃપા આશિષ વરસતા રહેશે તેવી વાંચ્છના કરી હતી.

ભગવાન જગન્નાથજીની રથયાત્રાએ અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં પરિભ્રમણ શરૂ કર્યું તે પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પટેલ, કાયદા રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, અમદાવાદ શહેરના મેયર શ્રી અસિત વોરા, ધારાસભ્યો, જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલીપદાસજી મહારાજ તેમજ અગ્રણીઓ તથા મંદિરના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સમાચાર ઝલક

- ટીમ અણ્ણામાં ભાગલા પાડવા ૧૦૦ કરોડ ખર્ચ કરાયો છે : શ્રી અરવિંદ કેજરીવાલનો આરોપ.
- રેલ્વે કર્મચારીનું માઓવાદીઓએ બંગાળમાં અપહરણ કર્યું, રેલ્વે સેવા ખોરવાઇ.
- ધોની દુનિયાના સૌથી અમીર ખેલાડીઓની યાદીમાં ૩૧ મા સ્થાને છે, જે સચિન કરતાં આગળ છે.
- ૧૦૦ ટકા જોબ ધરાવતા મેડિકલના ૧૧ કોર્સ, યુ.એન.મહેતા હોસ્પિટલ અમદાવાદમાં શરૂ થશે.
- અમદાવાદની રથયાત્રાની વિધિમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સતત ૧૨મી વખત ભાગ લીધો.
- સાબરમતી નદીમાં ફ્લોટીંગ બસ દોડાવવાની યોજના, જે જમીન અને પાણી બંનેમાં દોડી શકશે.
- રથયાત્રા પૂર્વ પ્રસંગે સરસપુરમાં ૧ લાખ ભાવિકોને સમુહ પ્રસાદ ભોજન.
- ટેનિસ કટોકટી - ઓલિમ્પિકમાંથી ખસી જવા પેસની ખુલ્લી ધમકી.
- ઇજિપ્તના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હોસ્ની મુબારક ક્લિનીકલી મૃત્યુ પામ્યા છે.
- ભેંસાણ કોર્ટમાં કેશુબાપા સહિત ૬૬ સામે થયેલ ફરિયાદ પાછી ખેંચાઇ, લેઉવા અને કાઠી સમાજ વચ્ચે વિવાદનો અંત.
- વાલીઓ બાળકો પાસે અપેક્ષા ઓછી રાખે : કથાકાર શ્રી રમેશભાઇ ઓઝા.
- મોબાઇલ કોલ્સ એકાદ બે દિવસમાં ૨૬ થી ૯૦ પૈસા મોંઘા થઇ શકે છે.
- બેટી-બી આરધ્ય થોડી એશ થોડી અભિ જેવી લાગે છે : જયા બચ્ચન.
- રાજકોટમાં મધ્યાહન ભોજન માટે આધુનિક રસોડું બનાવેલ છે.
- ૧૫મી જુલાઇ પછી ગુજરાત વિધાનસભાની ચૂંટણીની સત્તાવાર જાહેરાતેનો સંકેત.
- ઇંગ્લેન્ડના યુવા ક્રિકેટર ટોમ મેનાર્ડનું રેલ દુર્ઘટનામાં મોત.
- અમદાવાદ કરતાં ગાંધીનગરની રથયાત્રાની રૂટની લંબાઇ વધારે, ગાંધીનગરની રથયાત્રા ૩૧ કિલોમીટરની લંબાઇ ધરાવે છે.
- લંડનમાં માતાનાં હાલરડાથી દીકરી કોમામાંથી જાગી ઉઠી.
- વડાપ્રધાન મનમોહનસિંહજીના નિવાસે પણ પાણીનાં ધાંધિયા - ટેન્કર બોલાવાયું.
- તા. ૨૧મી જૂન એટલે આજનો દિવસ મોટામાં મોટો, ૧૩ કલાક ૩૦ મિનિટનો દિવસ.

# નાયબ ચૂંટણી કમિશનર વિનોદ ઝુત્સી ૨૪મીએ ગુજરાત આવે છે

## જિલ્લામાં મતદાર યાદી સુધારણા ઝુંબેશની કામગીરીની સમીક્ષા કરશે

ગાંધીનગર, તા. ૨૧

ભારતના નાયબ ચૂંટણી કમિશનર શ્રી વિનોદ ઝુત્સી આગામી તા. ૨૪ અને ૨૫ જુન દરમિયાન રાજયના પ્રવાસે આવી રહ્યા છે. રાજયમાં હાલ ચાલી રહેલી મતદાર યાદી સુધારણા ઝુંબેશ સુધારણા કાર્યક્રમની સમીક્ષા માટે તેઓ રાજયના પ્રવાસે આવી રહ્યા છે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૨૪મીએ સવારે વિમાન માર્ગે આવતા શ્રી ઝુત્સી રવિવારે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં મતદાર યાદી સુધારણા ઝુંબેશની કામગીરી રૂબરૂ મુલાકાત લઈ જોશે અને તેની સમીક્ષા કરશે.

તેઓ ૨૫મીએ સવારે રાજયમાં નવનિયુકત બે અધિક મુખ્ય ચૂંટણી અધિકારીઓ સહિત પંચના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરશે તેમજ તેઓ સોમવારે સવારે ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ કલેકટર કોન્ફરન્સ દરમિયાન પણ સમગ્ર રાજયમાં ચાલી રહેલી પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરશે.

રાજયના તમામ કલેકટરોને નવી દિલ્હીમાં તાલિમ આપ્યા બાદ ગાંધીનગર ખાતેની આ કલેકટર કોન્ફરન્સમાં ચૂંટણીની ખાલી જગ્યાઓ, ચૂંટણીની પૂર્વતૈયારી માટેની આપેલી સૂચનાઓના અમલીકરણની વિગતો તેમજ મતદારયાદી સુધારણા ઝુંબેશ દરમિયાન મળેલ રજુઆતોની પણ સમીક્ષા કરશે.

રાજયમાં નિષ્પક્ષ રીતે ચૂંટણીઓ યોજાય તે માટે પંચે મતદાર યાદી શુધ્ધ અને ક્ષતિરહિત બનાવવાનો સંકલ્પ કરેલ છે. શ્રી ઝુત્સી જ મતદારયાદી સુધારણા અંગે રાજયનો બીજીવાર પ્રવાસ ખેડી રહ્યા છે. આમ તો પંચ આખુ રાજયની મુલાકાતે હવે કદાચ ઓગષ્ટમાં આવે તેવી શકયતાઓ છે.

મતદાર યાદી સુધારણા ઝુંબેશ આમ તો ૧૮મીના રોજ સંપન્ન થતી હતી પરંતુ લોકોના ધસારા અને ઉત્સાહને જોતાં પંચે તેની મુદત ૨૭મી સુધી લંબાવી છે એટલું જ નહિ ૨૪મીએ પણ ખાસ ઝુંબેશનો વિશેષ કાર્યક્રમ આપવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં વિશેષ અભિયાન અંતર્ગત ૧૦ હજારથી પણ વધુ મતદારોએ તેમના નામ દાખલ કરવા અંગેના ફોર્મ રજુ કર્યા છે. મતદારયાદી શુધ્ધ અને ક્ષતિરહિત બને તે માટે પંચે રાજયમાં ખાસ નિરીક્ષકોની પણ નિમણુંક કરી છે. આ નિરીક્ષકોનો પ્રથમ રાઉન્ડ સંપન્ન થઈ ચુકયો છે. હવે બીજો રાઉન્ડ અંતિમ સપ્તાહમાં યા તો આગામી માસના પ્રથમ સપ્તાહમાં થશે તેમ મનાય છે. બીજા રાઉન્ડ દરમિયાન નિરીક્ષકો રાજકીય પક્ષો સાથે બેઠક કરી અને તેમની મતદાર યાદીને લગતી રજુઆતો સાંભળી તેનો નિકાલ કરશે.

# રાજયના કેટલાક વિસ્તારોમાં આગામી ૨૪ કલાક દરમિયાન વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૨૧

રાજયના કેટલાક વિસ્તારોમાં આગામી ૨૪ કલાક દરમિયાન છુટો છવાયો હળવો વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

રાજયમાં છેલ્લા એક સપ્તાહથી ફરીને ગરમીનું જોર વધવા પામ્યું છે. જો કે મુંબઈમાં ચોમાસાનો વિધિવત પ્રારંભ થતાં ગુજરાતમાં પણ આગામી એક સપ્તાહ દરમિયાન ચોમાસું બેસે તેવી શકયતા છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયના કેટલાક વિસ્તારોમાં આગામી ૨૪ કલાક દરમિયાન હળવો અને છુટોછવાયો વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત મંગળવારે ગાંધીનગર ખાતે હવામાન વિભાગના અધિકારીઓની રાજય પૂર નિયંત્રણ કક્ષના અધિકારીઓ સાથે એક બેઠક મળી હતી. જેમાં મુંબઈમાં થયેલા વરસાદ અને હવામાનની પરિસ્થિતિ અને ગુજરાતમાં કયાં સુધીમાં ચોમાસું વિધીવત બેસશે એ અંગેની જાણકારી આપવામાં આવી હતી અને રાજયના કેટલા વિસ્તારોમાં વરસાદ થઈ શકે છે તે અંગેની જાણકારી પણ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## સરસપુરના ભંડારાથી ક્યારેય અઘટિત ઘટના બની નથી

અમદાવાદ, તા. ૨૧

સરસપુર ખાતે પરંપરાગત થતા ભંડારોમાં દેશ ભરમાંથી આવેલા સાધુ-સંતો સહિત હજારો ભાવિકો મહા પ્રસાદ (જમે) છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, આ ભંડારામાં અત્યાર સુધીમાં મહાપ્રસાદ બાદ પોઈઝનીંગ આડઅસર કે માંદગી થતી નથી. આટલા મોટા જમણવારમાં સૌ કોઈ રણછોડજીનું નામ લઈ ભોજનની મજા માણે છે.

# મોંઘવારીના વિરોધમાં ભાજપ આજે જેલ ભરો આંદોલન કરશે

## મહાનગરોમાં ૨૩૧ સ્થાનો પર આગેવાનો અને કાર્યકરો વિરોધ પ્રદર્શિત કરી ધરપકડ વ્હોરશે : દબાણનો ઉદ્દેશ્ય

અમદાવાદ, તા. ૨૧

ભાજપના પ્રદેશ મીડીયા ઈન્ચાર્જ ડૉ. જગદીશ ભાવસારે એક અખબારી યાદીમાં મોંઘવારી વિરોધના જેલભરો કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું છે કે ૨૨ જૂને ભાજપા દ્વારા સમગ્ર રાજ્યમાં ૨૩૧ સ્થાનો પર મોંઘવારી વિરોધી કૂચ, દેખાવો અને પ્રદર્શનો કરીને જેલભરો કાર્યક્રમ કરાશે અને કેન્દ્રની કોંગ્રેસ સરકાર મોંઘવારી ઘટાડે અથવા સત્તા છોડેની માંગને જન જનમાં બુલંદ કરાશે.

તેમણે આ અંગેની વિગતોમાં વધુમાં જણાવ્યુંછે કે ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરશોત્તમ રૂપાલા અમદાવાદ મહાનગરમાં ઠક્કરબાપાનગર ખાતે સવારે ૯.૩૦ કલાકે જેલભરો કાર્યક્રમમાં આગેવાની કરશે. પ્રદેશ અધ્યક્ષ આરસી ફળદુ સુરત ખાતે, પ્રદેશ ઉપપ્રમુખ તેમજ પ્રવક્તા આઈકે જાડેજા સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંધ્રા ખાતે, પ્રદેશ મહામંત્રી વિજય રૂપાણી રાજકોટ ખાતે, પ્રદેશ મહામંત્રી બાલુભાઈ શુકલ વડોદરા ખાતે, પ્રદેશ મહામંત્રી ભરતસિંહ પરમાર ભરૂચ ખાતે જેલભરો કાર્યક્રમમાં ભાગ લેશે. તેમણે વધુમાં જણાવ્યું છે કે ડાંગ જિલ્લામાં વધઈ અને આહવા બે સ્થાનો પર ૧૧.૩૦ કલાકે, વલસાડમાં બે સ્થાનો પર ૧૧.૦૦ કલાકે, નવસારીમાં ચાર સ્થાનો પર ૧૦.૦૦ કલાકે સુરત શહેરમાં ૭ સ્થાનો પર ૯.૦૦ કલાકે, સુરત જિલ્લામાં ૯ સ્થાનો પર, તાપીમાં વ્યારામાં, ભરૂચમાં ૮ તાલુકા મથક પર, નર્મદામાં ૩ સ્થાનો પર, વડોદરા શહેરમાં ૨૫ વોર્ડમાં, વડોદરા જીલ્લામાં ૧૨ તાલુકા મથક પર, દાહોદમાં ૭ સ્થાનો પર, પંચમહાલમાં ૧૧ તાલુકા મથકો પર, આણંદમાં ચાર વિધાનસભા સ્થાનો પર, અમદાવાદ શહેરમાં ૧૬ વિધાનસભા સ્થાનો પર, ગાંધીનગર શહેરમાં પથિકાશ્રમ સર્કલ પાસે સાંજે ૫.૦૦ કલાકે ગાંધીનગર જિલ્લામાં ચાર સ્થાનો પર, સાબરકાંઠામાં હિંમતનગર ખાતે જિલ્લા કક્ષાના હજારો કાર્યકરો જેલભરો કરશે અને ખેડામાં પણ સંતરામ મંદિર, નડિયાદ ખાતે જિલ્લા કક્ષાનો મોંઘવારી વિરોધી પ્રચંડ દેખાવોનો કાર્યક્રમ યોજાશે. તેમણે અંતમાં જણાવ્યું છે કે બનાસકાંઠામાં પ્રદેશ ઉપપ્રમુખ નૌકાબેન પ્રજાપતિ તેમજ પ્રદેશ મંત્રી અરજણ રબારીની આગેવાનીમાં ૬ નગરપાલિકા પર સવારે ૧૦.૦૦થી ૧૨.૦૦ દરમિયાન જેલભરો કરશે. પાટણ જિલ્લામાં ૪ સ્થાનો પર, અમદાવાદ જિલ્લામાં ૧૦ સ્થાનો પર અને મહેસાણામાં ૯ તાલુકા મથકો પર જિલ્લા આગેવાનો, ધારાસભ્યો સહિત કાર્યકરો જેલભરો આંદોલન કરશે.

# સ્વામીનારાયણ ગાદી સંસ્થાન દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને દફતર, નોટબૂક, ચોપડાનું વિતરણ કરાયું



ગાંધીનગર, તા. ૨૧

સ્વામીનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસ, સ્વામી મહારાજની પ્રેરણાથી સ્વામીનારાયણ ગાદી સંસ્થાન દ્વારા કલોલ, કરજીસણ, મોખાસણ, રામનગર, નારદીપુર શાળાના ગરીબ વિદ્યાર્થીઓને ૩૨૬૦ નંગ દફતર, નોટબુક તેમજ ચોપડા વિતરણ કરવામાં આવ્યા હતા. સં.સિ. ચિદાનંદદાસ સ્વામીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'દરેક વિદ્યાર્થીએ સારી રીતે અભ્યાસ કરવો, સારા વિદ્યાભ્યાસથી વિદ્યાર્થી ડૉકટર, એન્જીનિયર, વકીલ જેવી ડીગ્રી પ્રાપ્ત કરી શકે છે. વિદ્યાભ્યાસ સાથે ભગવાનનું સ્મરણ પણ એટલું જ જરૂરી છે. અને પ્રભુ સ્મરણથી જ પ્રગતિ સાધી શકાય છે.' ગરીબ બાળકોને દફતર, નોટબુક અને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું ત્યારે ધ્યાનીસ્વામી પણ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને આશીર્વાદ આપી જીવનમાં પ્રગતિ કરવા શુભેચ્છાઓ પાઠવી હતી.

# ખૂણે ખાંચરેથી

● નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના શ્રી અનિલભાઈ પટેલ એક માસના બ્રિટનના પ્રવાસે જઈ રહ્યા છે. ● ગાંધીનગર જિ. પંચાયત વર્ગ-૩ કર્મચારી ક્રેડીટ સોસાયટીની એક જગ્યા માટેની ચૂંટણી રવિવારે યોજાશે. ● શહેર ભાજપ દ્વારા શ્યામાપ્રસાદ મુખરજીનો બલિદાન દિવસ શનિવારના રોજ એક બેઠકનું આયોજન એલ.ટી.સી. ખાતે કરવામાં આવ્યું છે. ● રથયાત્રામાં જોડાયેલા ભક્તો માટે આજે છાશના કેન્દ્રો મોટી સંખ્યામાં ઉભા કરાયા હતા. ● રાજસ્થાનના પૂર્વ ગૃહમંત્રી ગુલાબચંદ કટારિયાની આજે સી.બી.આઈ.એ તુલસી કેસમાં પૂછપરછ કરી હતી.

## સ્વ વાસુદેવજીના રણછોડજીના મંદિરની મૂર્તિ અતિ પ્રાચીન


અમદાવાદ, તા. ૨૧

મોસાળ સરસપુર સુધી જગન્નાથ મંદિરની રથયાત્રા લાવનાર સરસપુરની વાસણ શેરી ખાતે આવેલા રણછોડજી મંદિરના સ્વ વાસુદેવજી મહારાજના શિષ્ય અને મંદિરના મહંત લક્ષ્મણદાસજીએ જણાવ્યું હતું કે, આ મંદિર અતિપ્રાચિન છે. આની વિશેષતા જગન્નાથ મંદિર જેટલી જ છે. અહીં દરવર્ષે પરંપરાગત ૫ હજારથી વધુ સાધુ-સંતો સહિત ૩૫ થી ૪૦ હજાર ભાવિકો જમે છે. આ મંદિરમાં સ્થાપિત રણછોડરાયની મૂર્તિ જમીનમાંથી નીકળી છે. તેમણે જણાવ્યું હતું કે, ગતવર્ષે આ મંદિરનો હિસ્સો તૂટી પડ્યો હતો. હાલ મંદિરના જિર્ણોદ્ધારનું કામ ચાલે છે. જેમાં ૨૫ લાખનો ફાળો મળ્યો છે. એક વર્ષમાં જિર્ણોદ્ધારનું કામ પૂર્ણ થઈ જવાની મહંત લક્ષ્મણદાસજીએ આશા વ્યકત કરી છે. આ જગ્યાને ભલાભગતની જગ્યા તરીકે ઓળખાતી હોવાનું કહેતા તેમણે જણાવ્યું હતું કે, રથયાત્રા પૂર્વે અમાસના દિવસે અહીં ભંડારાની પ્રથમ વિધિ શરૂ થયા બાદ જગન્નાથ મંદિર ખાતે ભંડારો શરૂ થાય છે.



**શ્રદ્ધાળુઓ ઉમટ્યા :** રથયાત્રા શાતિપૂર્ણ રીતે પરીપૂર્ણ થઇ હતી પરંપરાગત રીતે રથયાત્રા ગુરૂવારે સવારે મંદિરથી નિકળ્યા બાદ શહેરના જુદા જુદા વિસ્તારોમાં ફરી મોડી સાંજે મંદિરમાં પરત ફરતા દિવસભર શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. જય રણછોડ માખણચોરના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું : અંગ કસરતના દાવ પણ જોવા મળ્યા હતા. રથયાત્રાને શાંતિપૂર્ણ પાર પાડવા અભુતપુર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સુરક્ષા દળોએ તમામ જગ્યાઓએ મોરચા સંભાળી લિધા હતા. બીજીબાજુ અખાડાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

# શબ્દાવલી - ૪૭૬૫



**આડી ચાવી**

૧. અવિચળ, ટટ્ટાર (૪)
૩. બળવો, વિરોધી (૩)
૫. ... અને મનામણા તો ગૃહસ્થીમાં ચાલ્યા જ કરે (૪)
૬. જેનો નાશ થઈ જવાનો હોય તેવું (૩)
૮. ... લેવો, હલાવો લેવો (૨)
૯. મધુરતા (૩)
૧૧.... કરવું, રજા આપી દેવી (૪)
૧૫. સમાચાર, વાવડ (૩)
૧૭. અવિધિસર પૈસાની લેવડદેવડ કરતું જૂથ (૨)
૧૮. શ્વાસનો એક રોગ (૨)
૨૦. સમૂહ, ટોળું (૨)
૨૧. કાચી કેરીની ચીરીઓની સુકવણી કરે તે, ખાટીયા (૪)

**ઊભી ચાવી**

૧. અવળચંડુ (૫)
૨. મસાલાના કાળા બીયા (૨)
૩. સાબુ - પાવડર બનાવતી કંપની (૨)
૪. પાંડવો - કૌરવોના ગુરૂ (૪)
૭. ચામડીનો એક રોગ (૩)
૧૦. વાતાવરણમાં ઠંડીના લીધે પાણી ઠરીને ધૂમાડા જેવું થઈ હવામાં જામે તે (૩)
૧૨. ખારવો (૩)
૧૩. ઠાઠ-માઠ, ઓછી બુધ્ધિવાળો (૪)
૧૪. ડોબા જેવો, ઓછી બુધ્ધિવાળો (૪)
૧૬. હેસિયત, તાકાત (૨)
૧૭. ઈન્સ્યોરન્સ (૨)
૧૯. મેલ, કચરો (૨)

## શબ્દાવલી ૪૭૬૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) રોજગાર (૬) શમણું (૭) હૉલસેલ (૯) હલવાસન (૧૦) દાપુ (૧૨) નરપિશાચ (૧૩) વાલ (૧૪) કાલીન (૧૫) કપોલકલ્પિત (૧૭) સળી (૧૮) રતાળુ

**ઊભી ચાવી :-** (૧) રોશનદાન (૨) જમ (૩) ગાણું (૪) પલવાર (૫) હલનચલન (૭) હૉલ (૮) સેસ (૯) હતાશા (૧૧) પુરણપોળી (૧૩) વાલી (૧૪) કાતર (૧૫) કસ (૧૬) કર્જ